Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



આત્મ સંવત ૮૯ (ચાલુ) વીર સં. ૨૫૧૦
વિક્રમ સંવત ૨૦૪૦ આસો

## પરમ પૂજ્ય શ્રી સુપાર્શ્વ ભગવાનનું સ્તવન

લે. આનન્દઘનજી મ. સાહેબ

શ્રી સુપાર્શ્વજિન વંદિએ, સુખ સમ્પત્તિનો હેતુ—લલના
શાંત સુધારસ જલ નિધિ, ભવસાગરમાં સેતુ—લલના (૧)
સાત મહાભવ ટાલતો, સપ્તમ જિનવર દેવ—લલના
સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ—લલના (૨)
શિવ શંકર જગદીશ્વર, ચિદાનન્દ ભગવાન—લલના
જિન અરિહા તીર્થંકર, જ્યોતિ સ્વરૂપ અસમાન—લલના (૩)
અલખ નિરંજન વચ્છલુ સકલ જંતુ વિશરામ—લલના
અભયદાન દાતા સદા, પૂરણ આતમરામ—લલના (૪) ક્રમશઃ

તા. ક. : શ્રી આનન્દઘનજી મ. સાહેબે ભક્તિ રસમાં નિમગ્ન બની, સ્તવના દ્વારા પરમાત્મા શ્રી સુપાર્શ્વનાથજીના અનેક ગુણનિષ્પન્ન નામો ગાયા છે. આ છે ભક્ત હ્રદયમાંથી પ્રવાહિત બનેલ પ્રભુજીની બિરૂદાવલી. સાવધાન મન રાખી, પ્રભુજીની સેવા કરવાની છે. જાગૃત મનથી, સાવધાન બનીને, ભૌતિક સુખોના પ્રલોભનથી દૂર રહીને, નિરાશાથી સેવા નહિ ચૂકવાની, પ્રભુજીની આજ્ઞાનું પાલન કરીને.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર

પુસ્તક : ૮૧ ] ઓકટોબર : ૧૯૮૪ [ અંક : ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | જિનેશ્વરની વાણી | ડૉ. ભગવાનદાસ | ૧૮૧ |
| (૨) | મહાન યોગીરાજ શ્રી ચિદાનંદજીનું પદ | રાયચંદ મગનલાલ શાહ | ૧૮૨ |
| (૩) | વસુદેવ હિણ્ડી ( હિન્દી ) | ૫૦ પૂ૦ સંઘદાસ ગણિ. | ૧૮૪ |
| (૪) | જીવદયા ઉપર ભીમ અને સોમની કથા | ૫૦ પૂ૦ આ.શ્રી કૈલાસ સા. સૂ. મ. સા. ના શિ. રત્ન પૂ.મુ. નીતિસાગરજી મ.સા. | ૧૮૭ |
| (૫) | સતી સુરસુંદરી | ૫૦પૂ૦ આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય મુનિશ્રી દાનવિજયજી મ. | ૧૮૯ |
| (૬) | તો પયગમ્બર કા કયા હોગા | મુનિશ્રી રૂપચંદ્રજી | ૧૯૩ |
| (૭) | ક્ષમા કરી દે | — | ૧૯૩ |
| (૮) | મુક્તિ પાય | ૫૦પૂ૦ બુદ્ધિસાગર સૂરિજી | ૧૯૪ |
| (૯) | તરછોડશો ન તેને | કમળાબેન ઠક્કર | ૧૯૪ |
| (૧૦) | જન્મને જીતીએ | રતિલાલ માણેકચંદ શાહ | ૧૯૫ |


**સભાસદ બંધુઓ અને સભાસદ બહેનો,**

સવિનય જણાવવાનું કે સં. ૨૦૪૧ કારતક સુદિ ૧ ને ગુરૂવાર તા. ૨૫-૧૦-૮૪ના રોજ બેસતા વર્ષની ખુશાલીમાં મંગળમય પ્રભાતે આ સભાના સ્વ. પ્રમુખશ્રી શેઠશ્રી ગુલાબચંદભાઈ આનંદજી તરફથી પ્રતિવર્ષ કરવામાં આવતી પાર્ટીમાં ( ૯-૩૦ થી ૧૧-૦૦ ) આપશ્રીને પધારવા અમારૂં સપ્રેમ આમંત્રણ છે,

કાર્તિક સુદી પંચમીને સોમવારે સભાના હોલમાં કલાત્મક રીતે જ્ઞાન ગોઠવવામાં આવશે. તો દર્શન કરવા પધારશોજી.

## આત્મ કલ્યાણ અર્થે પૂજા ભણાવવામાં આવી

આચાર્યશ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ અંગે ગુરુભક્તિ નિમિત્તે તથા આ સમાના ભૂતપૂર્વ ઉપપ્રમુખ સ્વ. શેઠ ફતેહચંદ ઝવેરભાઈ શાહની જન્મ તિથિ હોવાથી તેમના પુત્ર ભાઈ હિંમતલાલ તરફથી સ્વર્ગસ્થના આત્મકલ્યાણ અર્થે ભાવનગર જૈન આત્માનંદ સભાના લાઇબ્રેરી હોલમાં સં. ૨૦૪૦ના આસો સુદ ૧૦ ગુરૂવારના રોજ શ્રી પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી અને પ્રભાવના કરવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઇ સલોત

વર્ષ : ૮૧ ] વિ. સં. ૨૦૪૦ આસો : ઓકટોબર-૧૯૮૪ [ અંક : ૧૨

## જિનેશ્વરની વાણી

લે. ડૉ. ભગવાનદાસ

( રાગ-ભૂજંગી )

નથી સ્નેહ[1] તોયે અહો સ્નેહહારી,
નથી વાટને દાખવે વાટ[2] સારી;
ધરે ધૂમ્ર ના, ઉદ્ધરે ધૂમ્ર[3] પૂર્વ,
જવલે જૈન વાગ્દીપ અપૂર્વ.

ત્રિલોકી-ગૃહે[4] જૈન વાણી પ્રદીપ,
પ્રકાશી રહ્યો જેમ રાજ્યે મહીપ;
પદાર્થતણો સાર્થ[5] દીસે યથાર્થ,
પડતાં ધરે આપી આલંબ[6] હાથ.

નોંધ :- (૧) શ્લેષ અલંકાર (અ) અર્થ તેલ (બ) રાગ, આસક્તિ (૨) શ્લેષ અલંકાર દીવાની વાટ (ર) માર્ગ રસ્તો (૩) પૂર્વ કર્મરૂપ ધુમાડો (૪) ત્રિભુવન રૂપ ઘરમાં (૫) સમૂહ (૬) હસ્તાવલંબન, હાથનો ટેકો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાન યોગીરાજ શ્રી ચિદાનંદનું પદ

( સંપાદક : રાયચંદ મગનલાલ શાહ )

( રાગ–કાફી )

**મતિ મત એમ વિચારો રે, મત મનીયનકા ભાવ,**
**મતિ મત એમ વિચારો ર, મત મતીયનકા ભાવ.**

**ભાવાર્થ** :– હે ! બુદ્ધિમાનો ! તમે સ્થિર બુદ્ધિથી–શાંતિથી જુદા જુદા દર્શનનો ભાવ–પરમાર્થ (રહસ્ય) આ રીતે વિચારો.

**વસ્તુગતે વસ્તુ લહોરે. વાદવિવાદ ન કોય;**
**સૂર તિહાં પરકાશ પિયારે, અંધકાર નવિ હોય. ૧**

વસ્તુને વસ્તુ સ્વરૂપે વસ્તુ ગતે–યથાર્થ ઓળખી આદરીએ તો એમાં કશા વાદ–વિવાદને અવકાશ નજ હોય. જ્યાં સૂર્યનો ઉદય થયો હોય, પ્રકાશ ઝળઝળાટ કરતો હોય ત્યાં અંધકાર–અંધારૂ હોવું નજ સંભવે–૧.

**રૂપ રેખ તિહાં નવિ ઘટે રે, મુદ્રા ભેખ ન હોય;**
**ભેદ જ્ઞાન દષ્ટિ કરી પ્યારે, દેખો અંતર જોય. ૨**

વિવેક દષ્ટિથી અંતરમાં ( આત્મામાં ) અવલોકન કરાય તો ચૈતન્ય સ્વરૂપી આત્માને રંચમાત્ર (લગાર) વર્ણ–રૂપ–રસ–ગંધ આદિક ઘટે નહીં, તેમજ અરૂપી ( નિરંજન ) આત્માને વેષ–લિંગ વિગેરે પણ ઘટે નહીં. ફક્ત કર્મવંત–કર્મસહીત આત્મામાં વ્યવહાર વશ એવો ઉપચાર કરી શકાય છે. કર્મ–મુક્ત દશામાં એ વ્યવહાર રહેતો જ નથી–૨.

**તનતા મનતા વચન તારે, પર પરિણુતિ પરિવાર;**
**તન મન વચનાતિત પીયારે, નિજ સત્તા સુખકાર. ૩**

તન–મન–વચનનો ભાવ–વ્યાપાર સહિત એને પર પરિણતિના પરિવાર રૂપ; તન–મન–વચન રહિત આત્માની સહજ સ્વાભાવિક શક્તિને ખરી આત્મ–પરિણતિરૂપ લેખવા–સમજવા યોગ્ય છે–૩.

**અંતર શુદ્ધ સ્વભાવમેં રે, નહીં વિભાવ લવલેશ;**
**ભ્રમ–આરોપિત લક્ષથી પ્યારે, હંસા સહત કલેશ. ૪**

આત્માના શુદ્ધ સ્ફટિક સમાન નિષ્કષાય ( કષાય રહિત ) વીતરાગ સ્વભાવમાં રંચમાત્ર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિભાવ–રાગદ્વેષાદિક પરિણુતિ હોવી ઘટતીજ નથી હોય જ નહીં. રાગ-દ્વેષ આદિ વિભાવ પરિણુતિને ભ્રમવશ સ્વભાવ પરિણુતિ માની લેવાથી આત્મા જન્મ-મરણુ જનિત અનંત દુઃખ-કલેશને ભોગવતો રહે છે. સહેતો રહે છે-૪.

**અંતર્ગત નિહચે ગહીરે, કાયાથી વ્યવહાર;**
**ચિદાનંદ તવ પામીએ પ્યારે, ભવ સાગરનો પાર. ૫**

શુદ્ધ સ્ફટિક રત્ન સમાન ઉજવળ અવિકારી આત્માની વીતરાગ દશાને પ્રગટ કરવાનું સાધ્યમાં રાખીને, સાધનરૂપ વીતરાગોક્ત વ્યવહારનું જે યથાવિધિ પાલન કરે છે તે મહાનુભાવ ભવસાગરનો પાર પામી શકે છે. કહ્યું છે કે:- "નિશ્ચય દૃષ્ટિ હૃદયધરીજી, પાળે જે વ્યવહાર; પુન્યવંત તે પામશેજી, ભવ સમુદ્રનો પાર" મનમોહન જિનજી!" ૫.

સર્વજ્ઞ વીતરાગોક્ત વ્યવહાર (સાધન ધર્મ) નો જે લવલેશ આદર કરતા નથી તે સંસારમાં ભટકે છે.

પરંતુ આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરી લેવામાં તેને ખાસ હેતુ-કારણરૂપ સમજી, તેનો યથાયોગ્ય આદર કરતા રહે છે તે આજ્ઞા આસવક, આજ્ઞા-પાલક પુન્યશાળી આત્મા જલ્દી વીતરાગ દશાને પામી શકે છે.

એથી ઉલટું જેઓ આત્માની ઉચ્ચ દશાની મોટીમોટી માત્ર વાતો કરીને જ વિરમે છે. છે. અને શુદ્ધ સ્વરૂપ પ્રગટાવવા ખાસ સાધનરૂપ શ્રી વીતરાગોક્ત વ્યવહાર માર્ગનું સંસેવન કરતા નથી, પણ તેનો અનાદર કરે છે તે બાપડા ઉભયભ્રષ્ટ બને છે.

જેનાથી રાગ દ્વેષ અને મોહ વિલય થાય એવા શુદ્ધ જ્ઞાન અને કરણી રૂપ **ભાવ અધ્યાત્મ** કલ્યાણાર્થી જીવને આદરવા યોગ્ય છે. બાકીનો બાહ્ય આડંબર રૂપ અધ્યાત્મ-આભાસ તો કેવળ અહિતરૂપ સમજી પરિહરવા યોગ્યજ છે.

**સાર બોધ :—**

શ્રીમાન આનંદઘનજી મહારાજ કહે છે તેમ "અભિયતે વસ્તુ વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય" જો આત્મમાં-હૃદયમાં સાચો જ્ઞાન-વિવેક સૂર્ય ઉગ્યો હોય તો પછી રાગદ્વેષ અને મોહજનિત અંધકાર ત્યાં સંભવેજ કેમ? નિશ્ચયદૃષ્ટિથી વિચારતાં આત્મા શુદ્ધ જ્ઞાનાદિ ચેતનવાળો છે. મન તથા ઇંદ્રિયોને પણ અગોચર છે. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ રહિત છે, શક્તિરૂપે સિદ્ધ સમાન છે. અજર અમર છે, એ શક્તિને વ્યક્ત-પ્રગટ કરવાને સર્વજ્ઞ-સર્વદર્શી ભગવાને એકાંત હિત બુદ્ધિથી-ભવ્યજનોના હિત માટે બતાવેલ પવિત્ર રત્નત્રયીનું આરાધન કરવાની જરૂર છે, તેમાજ મન-વચન-કાયાની એકાગ્રતા કરવી ઉચિત છે. એથી ઉલટે માર્ગે તન-મન-વચનનો ઉપયોગ કરવાથી તો **ભવ-ભય** વધતો જાય છે. તેથીજ તેમને પર પરિણામ કહેવો ઘટે છે. જેથી રાગદ્વેષ અને મોહાદિક પરિણુતિ ઘટે. યાવત્ નિર્મૂળ થાય છે તેજ તત્ત્વજ્ઞાન, તત્ત્વદર્શન, અને તત્ત્વ આચરણુ અથવા આત્મજ્ઞાન, આત્મદર્શન અને આત્મ રમણુતા છે. અને તેજ લેખે છે; બીજા અલેખે છે. નિષ્ફળ થવા પામે છે. પવિત્ર રત્નત્રયિને યથાવિધ આરાધીને અનંત ભવ્યાત્માઓ કલ્યાણુ ભાગી થઈ શકયા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વસુદેવ હિણ્ડી (હિન્ડી)

લે. પ. પૂ. સંઘદાસ ગણિ.

( ગતાંકથી ચાલુ )

મેં કહ્યું, "આપને વિજય મળ્યો છે. અક્ષત સ્થિતિમાં યુદ્ધમાંથી પાછા ફરેલ છો. પરંતુ સગાં સંબધિઓ આપના તરફથી અનિષ્ટની શંકા ધરાવે છે. મારા પિતા આ સ્થાનનો ત્યાગ કરીને જઈ રહ્યા છે. તેથી એક વખત તેમને મળવાનો અવસર આપો."

અંગારકે કહ્યું, "આપના જવા માટે કોઈ પ્રતિબંધ નથી. તમે ઇચ્છાનુસાર જઈ શકો છો."

ત્યારે હું પરિચારિકાઓ અને અનુચરો સાથે પિતા પાસે ગઈ. તે સમયે તેઓ અષ્ટાવયવ પર્વત પર હતા.

ત્યાં પર્વત પર આવેલ જિનાલયમાં ચારણ મુનિ અંગીરસ અવસ્થાન કરી રહ્યા હતા. એક દિવસ, તેમને પ્રણામ કરીને પિતાજીએ તેમને પૂછયું, "શું મને મારૂં રાજ્ય મળશે? શ્રમણ સંઘમાં યોગદાન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થશે?

અંગીરસ મુનિએ કહ્યુ, "રાજર્ષિ અર્ચિમાલી મારા ગુરુભાઈ છે. તેથી તમને જણાવું છું. "શ્રમણસંઘમાં યોગ દેવાનું તમારૂં સૌભાગ્ય નથી. તમે તમારૂં રાજ્ય ફરી મેળવી શકશો."

મારા પિતાએ કહ્યું, "શ્રેષ્ટ મુનિજી, મારૂં રાજ્ય મને કેવી રીતે ફરી મળશે?"

તેમણે મારી તરફ સંકેત કરી કહ્યું, "તમારી આ કન્યાના પતિની સહાયથી એ કાર્ય શક્ય બનશે. જેની સાથે તેનું લગ્ન થશે, તેનો પુત્ર અર્ધ ભારતના અધીશ્વર બનશે.

ત્યારે મારા પિતાએ પૂછયું, "હે પૂજ્ય! તેમની ઓળખાણ કઈ રીતે થશે?

મુનિએ કહ્યુ, "કુંજરાવર્ત અરણ્યમાં, વન્ય હાથી સાથે જેમને યુદ્ધ કરતા દેખો તે તે વ્યક્તિ હશે."

પિતાજી તેમને પ્રણામ કરીને, આ પર્વત પર આવી રહેવા લાગ્યા; અને તેમના બે માણસો હંમેશ કુંજરાવર્તમાં જઈને આપની રાહ જોવા લાગ્યા.

મુનિની ભવિષ્યવાણી અનુસાર, આપને મેળવીને પવનવેગ અને અંશુમાલી આપને અહીં લઈ આવ્યા.

અંગારકને મુનિની ભવિષ્યવાણી વિદિત છે. તેથી કોઈ અસાવધાન પળે તે દુષ્ટ આપને મારી શકે. ત ભયથી હું ભયભીત છું. વિદ્યાધરોના અધિષ્ઠાતા નાગરાજનું એ વિધાન છે કે સાધુ પાસે, જિનાલયમાં, સ્ત્રી પાસે. નિદ્રાવસ્થામાં જો કોઈ, કોઈનો વધ કરે તો તેની વિદ્યા નષ્ટ થઈ જશે. તેટલા માટે આપની પાસે આ વરદાન માગું છું. કે જેથી આપ એક મુહૂર્ત પણ મને છોડીને નહિ જતા જેથી તે આપનો વધ ન કરી શકે.

શ્યામલીનું કથન પૂર્ણ થતાં મેં કહ્યું, અંગાકર મને કશું કરી શકશે નહિ. છતા તું જેમ કહે છે તેમ હું કરીશ.

શ્યામલીના સહવાસમાં, સાંસારિક સુખ ભોગવતા, મારા દિવસો વ્યતીત થવા લાગ્યા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્યામલીએ મને ગાન્ધર્વ વિદ્યામાં નિપુણ બનાવ્યો તે ઉપરાંત મને બે વિદ્યાઓ આપી બન્ધન વિમુક્તિ, પલ્લવ સરખાં લઘુ બનવાની વિદ્યા.

એક દિવસ જ્યારે હું શ્યામલી સાથે સૂતો હતો ત્યારે મને કોઈ ઉપાડીને, ખબર ન પડે તેમ લઈ ગયું. નીંદ પૂરી થતાં, મેં તેના તરફ જોયું ત્યારે તેનું મુખ શ્યામલી જેવું લાગ્યું. મેં વિચાર્યું કે તે અંગીરસ હશે.

'જે શત્રુને હણે તે ઉત્તમ. જે શત્રુને હણીને હણાય તે મધ્યમ. જે પોતે જ હણાય તે અધમ છે. હું મધ્યમ બનું પણ અધમ તો નજ બનું' એમ વિચારી, મેં અંગારક પર પ્રહાર કરવા ઇચ્છયું. પરંતુ એકાએક મારૂં શરીર સખત થઇ ગયું. હાથ ઉઠાવી ન શકયો.

તે અંગારક મારા તરફ જોઇને બોલ્યો, વિદ્યા પ્રાપ્તિ વગર સાપ પકડી શકાતો નથી. મેં તને સ્તમ્ભિત કરેલ છે."

એ સમયે શ્યામલી અહીં આવી પહોંચી અને કહ્યું, "ભાઇ, તૂં મારા પતિની હત્યા નહીં કરી શકે. તે તમારે માટે અવધ્ય છે." વળી ઘૃણાપૂર્વક બોલી ઉઠી, "મારા પતિને છોડી દો. જો તેમ નહીં કરવામાં આવે તો મારે દુશ્મન જેવો વર્તાવ કરવો પડશે."

તે સાંભળી અંગારક ગભરાયો અને મને ધકેલી દીધો. હું એક જળ વગરના કૂવામાં જઇ પડયો. મેં ત્યાંથી જોયું કે ભાઇ બહેન વચ્ચે વિવાદ શરૂ થયો હતો અંગારકે અપની તલવારથી શ્યામલીના બે ટૂકડા કરી નાખ્યા હતા. મેં ચીસ પાડી. "હે નિષ્ઠુર! પોતાની બહેનને મારી નાખી!"

પરંતુ બીજી ક્ષણે જોયું તો ત્યાં બે શ્યામલી ઉપસ્થિત થઇ હતી. ત્યારે શ્યામલીએ તલવારથી અંગારકના બે ટૂકડા કરી દીધા. બીજી જ ક્ષણે જોયું તો ત્યાં બે અંગારક જોયા. મેં કલ્યાણનો શ્વાસ લીધો કે શ્યામલી મરી ન હતી. તેની વિદ્યાના કારણે મને એવી ભ્રાન્તિ થઈ હતી.

શ્યામલી અને અંગારક યુદ્ધ કરતાં કરતાં મારી નજર બહાર જતા રહ્યાં. હજુ હું કૂવામાં પડયો હતો. સ્તમ્ભિત હતો, છતાં પણ મનમાંજ કાયોત્સર્ગ ધ્યાનમાં લીન થઈ ગયો. તરતજ મારો સ્તમ્ભિત ભાવ દૂર થઇ ગયો. થોડી વારમાં એક ગવાક્ષમાંથી દીપાલોક આવતો જોયો. મને તે દીપાલોક વાઘ જેવો લાગ્યો. પરંતુ ત્યારે વિચાર કરવા લાગ્યો. જો આ પ્રકાશ વાઘ હોય તો તે ચોક્કસ મારા પર આક્રમણ કરશે; કારણ હુ કૂવા વચ્ચે પડેલ હતો. પણ તે આ લોકજ છે વાઘ નથી.

લાગે છે કે નજીકમાં કોઈ લોકાલય છે. સવારે હું કૂવામાંથી બહાર આવ્યો. સમીપમાં જ એક આધેડ વયની વ્યક્તિને જોઇને પૂછયું, "આ દેશ અને નગરીનું નામ શું છે?"

તે વિસ્મત પૂર્વક મને જોઈ રહ્યો. બોલ્યો, "મનુષ્ય એક દેશથી અન્ય દેશ ચાલીનેજ પહોંચે છે. તો આપ આ દેશ અગર નગરીના નામ કેમ પૂછો છો? આપ કોઇ આકાશથી તો પડયા નથી ને?"

મેં કહ્યું, "હું મગધથી આવી રહ્યા છું. જાતિથી બ્રાહ્મણ છું. નામ છે ખન્દિલ. ગોત્ર છે ગૌતમ. મારે બે યક્ષિણીઓ સાથે પ્રેમ થયેલ છે. તેમાંથી એક મને આકાશ-માર્ગે લાવી રહી હતી. ઈર્ષાવશ બનીને બીજીએ તેનું અનુસરણ કરીને રસ્તામાંજ તેના પર આક્રમણ કર્યું. પછી તેઓમાં મારપીટ શરૂ થઇ. તેમની વચ્ચેથી હું આકાશમાંથી ભૂમિ પર આવી પડયો. તેથી હું આ માર્ગથી સંપૂર્ણતઃ અપરિચિત છું."

તે વ્યક્તિએ મારા તરફ મીટ માંડી જોયું. પછી કહ્યું, "યક્ષિણિઓ તારા પર પ્રેમ કરે તેવું તારૂં રૂપ છે. પછી થોડું અટકીને તે બોલ્યો, આ દેશનું નામ અંગ છે. નગરીનું નામ ચમ્પા છે."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમીપમાં જ મંદિર હતું. મંદિરમાં તીર્થંકર વાસુપૂજ્ય સ્વામીની પ્રતિમાં પ્રતિષ્ઠિત હતી. મેં મંદિરમાં જઈને તેમના દર્શન પૂજા કરીને જાતને ધન્ય બનાવી.

મંદિરથી બઝારમાં ગયો. બજારમાં જોયું તો સર્વના હાથમાં વીણા હતી. ગાડાં ભરી-ભરીને લોકો વીણા વેચતા હતા. શું આ દેશની આ પ્રથા હશે? અગર આની પાછળ બીજું કોઈ કારણ હશે?

તેણે કહ્યુ, "વણિક સંઘના પ્રમુખ ચારુદત્ત અહીં વસે છે. તેમને એક ગન્ધર્વદત્તા નામની સુંદર પુત્રી છે. ગન્ધર્વ વિદ્યામાં તેના જેવી નિપુણતા સહસા મળે જ નહીં."

ચારુદત્ત કુબેર સરખા ધનાઢ્ય છે. તેની પુત્રીના રૂપથી આકર્ષાઇને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય સહુ વીણા-વાદનમાં આત્મ નિયોગ કરી રહ્યા છે. જે કોઈ વીણા વાદન કે સંગીતમાં ગન્ધર્વ-દત્તાને પરાજય આપે તે તેને પત્ની રૂપે પામી શકે તેથી દર માસે અહીં એક વાર સંગીત સભાનું આયોજન થાય છે. કાલે સંગીત સભા થઈ ગઈ. એક માસ બાદ ફરીને સંગીત સભા થશે. હું મનમાં ને મનમાં વિચારવા લાગ્યો. તો મારે અહીં મહીનાથી અધીક સમય સુધી રહેવાનું થશે. મેં તેને એમ પણ પૂછ્યું, "અહીં કોઈ કલાચાર્ય છે કે જે સંગીત વિદ્યામાં પારંગત હોય." તેણે જવાબ આપ્યો, "કલાચાર્યોમાં સુગ્રીવ અને જયગ્રીવ વિશેષ ખ્યાતિ પામેલ છે."

મેં તેને ઘેર સમય પસાર કરવાનું નક્કી કરી અલંકાર વગેરે એકાન્તમાં જમીનમાં દાટી દીધા. પછી મૂર્ખ જેમ બકવાદ કરતો સુગ્રીવના ઘેર પહોંચ્યો. મેં તેમને પ્રણામ કર્યા. ત્યારે તેમણે મને પૂછ્યું.

"તૂં કોણ છે? ક્યાંથી આવ્યો છે? શા માટે આવેલ છે? મેં ટૂંકમાં જણાવ્યું, "હું ગૌતમ ગોત્રીય ખન્દિલ છું. સંગીત શીખવા માટે આપની પાસે આવ્યો છું."

તેમણે મારી પરીક્ષા કરી. હું મૂર્ખ છું. સંગીત વિદ્યા કશી જાણતો નથી. એમ સમજીને મને વિદાય આપી.

ત્યારે મેં કલાચાર્યની પત્નીને માણેક જડેલ અલંકાર ભેટ આપ્યું તે મળતા, તે ખૂબ આનન્દ પામી અને કહ્યુ, "વત્સ, ધીરજ રાખ, તારે શું જોઇએ છે તે જણાવ, ખાવા પીવાની તારે ચિન્તા કરવાની નથી.

મેં મારો ઉદ્દેશ જણાવ્યો.

તે સુગ્રીવ પાસે જઇને બોલી, "ગુરુવર્ય, એટલો સોચ-વિચાર કર્યા સિવાય, તેને ગાવાનું સિખવો."

તે બોલ્યા, "તેનામા જરાપણ બુદ્ધિ નથી. હું શું કરૂ? ત્યારે ગુરૂ-પત્નીએ કહ્યું, "આપણને બુદ્ધિમાન છોકરાની જરૂરત નથી. તમે તેને શિખવો" એમ કહી અંગુઠ બતાવ્યું. ત્યારે સુગ્રીવ મને ગાવાનું શિખવવા માટે રાજી થયા. તુમ્બુરૂ અને નારાયણની પૂજા કરી, મને વીણા આપી, મેં એટલા જોરથી વગાડી કે વીણાના તાર તૂટી ગયા. આ વખતે સુગ્રીવ વ્યંગ કરતાં કરતાં પત્નીને કહ્યું, "જુઓ તમારા લડકાનું કાર્ય. તેણે જવાબ આપ્યો, "તમારી વીણાના તાર જૂના હશે તેથી તૂટી ગયા. તેને નવી વીણા લાવી આપો. સમય જતા, તે સંગીત શીખી જશે.

આ વખતે મને જાડા તાર વાળી વીણા આપી ગુરૂજીએ મને ધીમે ધીમે વગાડવા કહ્યું.

વીણા સાથે આ ગીત ગાઓ.

વેલ વૃક્ષ કે નીચે બેઠે
આઠ શ્રમણ મિલકર
સિર પર ઉનકે પડી વેલ
કાક ઉડાની લગકર
બૂઢે સારે બોલે, આહા! આહા!
બચ્ચે સારે બોલ ઉઠે-હા! હા!

(અનુસંધાન પાના નં. ૧૮૮ ઉપર)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "જીવદયા ઉપર ભીમ અને સોમની કથા"

લેખક : પ.પૂ૦ આ.શ્રી કૈલાસસાગરસૂરિજી મ. સા. ના શિષ્યરત્ન
મુનિશ્રી નીતિસાગરજી મહારાજ સાહેબ

( ગતાંકથી ચાલુ )

પરંતુ,

અહીં દેવતાએ કરેલી સોમની રક્ષા, વિગેરેનો વિચાર કરી. ભય પામેલા રાજાને માંસ ખાવાના અજીર્ણથી, રાત્રીએ ગૂઢ વિસુચિકાનો વ્યાધિ થયો, અને તે રાત્રીમાં જ મરણ પામીને બીજી નરકે ગયો. "અતિ ઉગ્ર પુણ્યની જેમ અતિ ઉગ્ર પાપ પણ તત્કાળ જ ફળે છે," ભીમ પણ જાણે સ્વામી (રાજા)ની ભક્તિથી જ હોય તેમ તે જ પ્રમાણે તે જ રાત્રીમાં મરણ પામ્યો, અને વ્રત-ભંગાદિકના ઘોર પાપ કરીને ત્યાંજ (બીજી નરકમાં) ઉતપન્ન થયો, પ્રાળ:કાળે રાજાના મરણના કાર્યો કરીને તે રાજા પુત્ર રહિત હોવાથી મંત્રી વિગેરે અધિકારી વર્ગ રાજ્યને યોગ્ય પુરૂષની શોધ કરવા લાગ્યો, પરંતુ કોઇ ધ્યાનમાં નહીં આવવાથી, તેઓ પંચ અધિવાસિત કર્યો, તે દિવ્યો નગરમાં ભમી, બહાર નીકળી પર્વત તરફ ચાલ્યાં, તે વખતે પોતાના કુટુંબની સાર-સંભાળ, કરવા માટે નગર તરફ આવતા સોમને, જોઇ હાથીએ તેને કળશના જળથી અભિષેક કર્યો. અને તેને ઉપાડીને પોતાની પીઠ પર બેસાડયો, વીઝાંતા ચામરોથી તે સુશોભિત થયો. તેના મસ્તક પર છત્ર ધારણ થયું, અને અશ્વે હેષારવ કર્યો. તે વખતે આકાશમાં રહેલી તેજ દેવી બોલી કે, "હે લોકો ! તમે સર્વે સાંભળો, આ સર્વ ગુણોએ કરીને સહિત સોમને મેં તમને રાજા તરીકે આપ્યો છે. તેની આજ્ઞાનું જે મનુષ્ય ખંડન કરશે, તેને હું યમરાજનો અતિથિ કરીશ." આ પ્રમાણે કહી દેવી અદશ્ય થઇ, અને સર્વ લોકો હર્ષ પામી તે સોમ રાજાને નમ્યા, પછી જેને વિષે બંદીજનોએ જય જય શબ્દની ઉદ્ઘોષણા કરી છે. અને વાજીંત્રોના શબ્દવડે આકાશ પણ ગાજી રહ્યું છે. એવા નગરમાં મોટી ઋદ્ધિ સહિત સોમ રાજાએ પ્રવેશ કર્યો અને રાજમહેલમાં પહોંચ્યો. ત્યાં રાજસભામાં સચિવાદિકે સિંહાસન પર બેસાડીને તેને રાજ્યાભિષેક કર્યો. ત્યારપછી તે રાજા ન્યાય અને ધર્મ વડે પ્રજાને સુખી કરતો રાજ્ય કરવા લાગ્યો. આ પ્રમાણે દયા ધર્મની દ્રઢતાને લીધે સોમ આ ભવમાં પણ રાજા થયો અને ભીમ તથા રાજા હિંસાના પાપથી નરકના અતિથિ થયા, સોમ રાજા હમેશાં ગુફામાં રહેલા એવા મને વાંદીને પછી જ ભોજન કરતો હતો. દેવીના પ્રભાવથી યુદ્ધ કર્યા વિના જ સર્વ શત્રુઓને તેણે વશ કર્યા હતા. તેણે દયાનું ફળ સાક્ષાત જોયેલું હતું. તેથી પોતાના સમગ્ર દેશમાં અમારી (જીવદયા) પ્રવર્તાવી છે. અને શ્રાવક ધર્મનું પાલન કરતો તે સદ્ગુરૂનો યોગ જ્યારે મળે ત્યારે તેની સેવા કરતો હતો. આ પ્રમાણે ચિરકાળ સુધી ધર્મમય રાજ્ય ભોગવી આયુષ્યનો ક્ષય થયે મરણ પામી. સોમ પહેલા સૌધર્મ દેવલોકમાં લક્ષ્મીએ કરીને ઇંદ્રનો સામાનિક દેવ થયો છે, ચિરકાળ સુધી જુદા જુદા દેશોમાં વિહાર કરતો હું ફરીથી અહીં આવ્યો. તે હકીકત અવધિજ્ઞાનથી જાણીને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે દેવે અહીં આવી, મને હર્ષથી વંદના કરી, પછી પૂર્વના ઉપકાર સંભારી તે દેવ ભક્તિથી મારી પાસે નૃત્યાદિક કર્યું. હે બુદ્ધિમાન ભવ્યજનો! આ પ્રમાણે ગુરૂસેવાનું અને દયાનું ફળ જાણી હમેશાં ધર્મના મૂળરૂપ અને વાંછિત સુખ આપનાર ગુરૂસેવા અને જીવદયા એ બન્ને ઉપર આદર કરો."

આ પ્રમાણે ગુરૂનું વચન સાંભળી અધિક ધર્મની બુદ્ધિવાળો શ્રી જયાનંદ કુમાર બોલ્યો કે–"હે પ્રભુ! યુદ્ધાદિકના કારણ વિના સ્થૂળ એવી હિંસા, અસત્ય, ચૌર્ય અને પરસ્ત્રીના ત્યાગાદિકવડે હું સમકિતને શોભાવીશ." જ્ઞાનીએ કહ્યું, "આ ધર્મરૂપી કલ્પવૃક્ષનું સારી રીતે પાલન કરજે." કેમકે તેનાથી જ તને આ લોકમાં તથા પરલોકમાં સુખલક્ષ્મી પ્રાપ્ત થશે." તે સાંભળી જયાનંદ 'तहत्ति' કહી, મુનિની વાણી અંગીકાર કરી, પોતાના આત્માને કૃતાર્થ માની, પ્રાતઃકાળ થયો ત્યારે મુનિને નમી, પોતાને સ્થાનકે ગયો. સિંહસારકુમાર તો ગુરૂકર્મા હોવાથી મુનિના વચન પર શ્રદ્ધા નહીં કરતો તેમને પ્રણામ કરી ભાઈની સાથે ઘેર ગયો. દેવો વિગેરે પણ સમકિત વિગેરે ગુણો પામી મુનિને નમી આકાશમાર્ગે પોતપોતાને સ્થાનકે ગયા. મુનિએ પણ અન્યત્ર વિહાર કર્યો. પછી અંગીકાર કરેલા ધર્મનું પાલન કરતો, બીજા ગુણોને ઉપાર્જન કરતો, શ્રીગુરૂ અને ધર્મની ભક્તિને ધારણ કરતો તથા જયલક્ષ્મીને મેળવવાના પરાક્રમવાળો યુવરાજનો પુત્ર (જયાનંદ) સર્વ જગતના જનોને ઇષ્ટ થયો.

તેવી જ રીતે સુખની અભિલાષાવાળા દરેક જીવોની દ્રવ્યભાવ દયા. જીવનમાં સોમની માફક અમલમાં મુકવી જોઇએ. હીંસા કરનાર આ જગતમાં કોઈ પણ જીવ સુખી થયો નથી અને થશે પણ નહિ અને વર્તમાનમાં એ લક્ષ રાખી અહિંસા પ્રધાન ધર્મનું રક્ષણ કરવા સર્વ કોઈ મનુષ્યો, સ્વયમ્ જીવનના અંદર અહિંસાના આદર્શ અપનાવી સુખી બનીએ. એકજ શુભ અભીલાષા. શ્રી મહાવીર ભગવંતનો પણ દિવ્ય સંદેશ છે–"તમે જીવો અને દરેકને જીવવા દો"

---

(અનુસંધાન પાના નં. ૧૮૯નું ચાલુ)

મેં પૂછયું, "વણિક કન્યા શું આ ગીત જાણે છે! તેમણે કહ્યું "નહીં." તો હું તેને મેળવીશ–મેં કહ્યું.

તે સાંભળીને તેઓ હસવા લાગ્યા.

આ રીતે એક માસ વીતી ગયો. અન્તમાં સગીત સભાનો સમય આવી લાગ્યો. ગુરૂ અન્ય શિષ્યોને લઇને સભામાં જવા તૈયાર થયા. મને પછી આવવાનું કહ્યું. મેં કહ્યું, જો પહેલાંજ કોઈ જીતી જાય તો કષ્ટ પૂર્વક સંગીત શીખવાનો શો લાભ થાય? હું અત્યારેજ આવીશ. પરંતુ તેમણે મને સાથે ન લીધો.

મેં બીજુ અંગદ ગુરૂપત્નીને લાવીને આપ્યું. તેણે પ્રસન્ન થઇને મને કહ્યું, "તેમણે તકલીફ આપવાથી શું વળે? તૂ જા અને જય મેળવી તેને લઈ આવ." એમ કહીને મને સુંદર વસ્ત્રો, માલા, ચન્દન તામ્બૂલ વગેરે લાવી આપ્યા.

ક્રમશઃ

'તે થયર'ના સૌજન્યથી

---

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કાંઈ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્.

તંત્રી.



For Private And Personal Use Only

# સતી સુરસુંદરી



લેખક:- પ.પૂ.આ.શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ.સા.
ના શિષ્ય પૂ.મુનિરાજ શ્રી લાભવિજયજી મ.સા.

હપ્તો ૯ મો : ( ગતાંકથી ચાલુ )

વસંત ૠતુ પુર બહારમાં ખીલી હતી. ઉદ્યાનમા મઘમઘતા, પુષ્પો ચોમેર સુવાસ ફેલાવતાં હતાં. મધુર વાયુ વાતો હતો, વાયુના વિંઝણે વૃક્ષોના શાખાઓ હિલોળા લેતી હતી. દૂર દૂર વૃક્ષોની ઘટાઓમાં મોરલાઓ નૃત્ય કરતાં હતાં, વૃક્ષોની શાખાઓ ઉપર કોયલો મીઠા ટહૂકાર કરતી હતી, ઉદ્યાનમાં યુવાન હૈયાઓ મદન-કામદેવના મંદિરને ફરતાં રાસ લેતાં હતાં.

આ દૃશ્ય અમે બેઠા બેઠા નિહાળતા હતાં, આવું અનુપમ દૃશ્ય નિહાળવાથી હું મારા જીવનને ધન્ય માનવા લાગ્યો, એટલામાં એક વૃક્ષ નીચે એક યુવતીને જોઇ [illegible] તો હું આશ્ચર્ય પામ્યો, કે આ કોઈ દેવી હશે કે માનવી તે નક્કી ના કરી શક્યો.

યૌવનના પ્રાંગણે પગદેતી આ યુવતી કોણ હશે? તે મારાથી અનાયાશે પૂછાઈ ગયું.

પણ ભાનુવેગે કહ્યું કે ગમે તે હોય આપણે શું કામ પુછવું જોઇએ? મને પણ જણાયું કે મારાથી ઉતાવળે પૂછાઇ ગયું, અને એ યુવતીના દર્શન માત્રથી હું એટલો વિહ્વળ બન્યો કે વિવેક ભૂલાઇ ગયો, મે જરા વધુ આગ્રહ કર્યો ત્યારે ભાનુવેગે કહ્યું, આ નગરીની અંદર અમિતગતિ નામનો વિદ્યાધર રહે છે, તેની આ પુત્રી કનકમાળા છે, હજુ તો તે કુંવારી છે, લાલિત્ય અને કળામાં તના જેટલી સવાંગ સ્ત્રી આ પૃથ્વી ઉપર બીજે ક્યાંય નથી.

મે યુવતી સામે જોયું અને યુવતીએ મારા મનના ભાવો જાણી લીધા તેણે માત્ર બે જ કટાક્ષે મારા મનની દૃઢતાની દિવાલ તોડી નાંખી વિહ્વળ બનેલો હું ઘરે ગયો, ત્યા પણ શાંતિ ના રહી. ભાનુવેગે મને ઘણો સમજાવ્યો છતાં હું ના સમજ્યો, અને મારા કરતાં કનકમાળાની સ્થિતિ વધારે નાજુક હતી, તે તો વધુ આવેગથી પિડાતી હતી. તે તો ત્યાંથી ઉઠીને હસતી હસતી ચાલી ગઈ હતી, થોડી વારમાં એક દાસીએ આવીને મને એક બાજુ લઇ જઇને કનકમાળાની સ્થિતિનું ભાન કરાવ્યું ત્યારે ખબર પડી કે હું તેના મનમાં વશી ગયો છું.

દાસીએ કહ્યું હે પુણ્યેશ! કનકમાળા જ્યારથી તમને જોયા છે ત્યારથી તેમનું મન વધુને વધુ વિહ્વળ બન્યુ છે, એટલું જ નહિ પણ તેના શરીરે દાહ જવર ઉત્પન્ન થયો છે, વિલેપન કરવા છતાં તે પ્રયત્નો નિષ્ફળ બન્યા છે, હવે કોઈપણ ઉપાય કરો, મેં એક સચિત પત્ર લખ્યો, તેમાં કમળ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપર ભ્રમર ગુંજારવ કરતો હોય તેનું ચિત્ર બનાવી નીચે સમસ્યાવાળી ગાથા લખી તે લઈને દાસી તો ચાલી ગઈ, દાસીએ કનકમાળાના હાથમાં પત્ર મૂકયો વાંચીને આનંદ વિભોર બની ગઈ.

આજની રાત્રી પસાર થાય તો સવારે ઉદ્યાનમાં મળવું તેવું નક્કી થયું.

પણ મને તો રાત્રી કાળ જેવી લાગી હું તો તર્ક વિર્તક કરતો હતો કે આજની રાત્રીએ કનકમાળાને કાંઈક થશે તો મારા પર મોટુ કલંક લાગશે, સૂર્યાસ્ત થયો.

ચંદ્રનો ઉદય થયો તેના શીતળ કિરણો દિવસ ભરના તાપથી તપેલા જીવોને સુખ આપતાં હતાં તનમનના તાપને દૂર કરી અંતરને શાતા આપી રહ્યાં હતાં. ખીલેલા ચંદ્રએ આખા નગરજનોને શીતળતાથી નવડાવ્યાં, પણ વિરહાગ્નિથી તપતા મને તો એકજ ચિંતા સતાવતી હતી કે કનકબાળને શું થયું હશે ?

ચંદ્ર અસ્તાચલ પર અસ્ત થયો અને પ્રભાતનું આગમન થયું, પ્રભાતે સમગ્ર જગતને કહ્યું કે પ્રભાદિ જીવો ! પ્રમાદ ખંખેરીને પથારી છોડી સ્વસ્થ થાઓ જાગૃત થાઓ. અને પૂર્વ દિશાને પ્રકાશિત કરતો રવિ ઉદય પામી રહ્યો છે. તેનું સ્વાગત કરવા તૈયાર થાઓ અને પ્રવૃત્તિમાં લાગી જાઓ.

પૂર્વ ક્ષિતિજ પરથી રવિરાજનો ઉદય થતાં જ પથારીમાંથી ઉભા થઇ મેં ઝરૂખામાથી દૃષ્ટિ કરી તો સરોવરમાં સૂર્યવિકાશી કમળો ખીલતા હતાં.

ભાઇ સુપ્રતિષ્ઠ ? મારી સ્નેહ રાજ્ઞીને મળવાળા મનોરથો મારા અંતરમાં રમતાં હતાં, એ પ્રભાત મારે માટે સુવર્ણ પ્રભાત હતું તને યાદ તો હશે જ.

પ્રભાતના કાર્યો પતાવીને હું ઉદ્યાનમાં જવાની તૈયારી કરતો હતો ત્યાંજ મારા મામાનો દિકરો ભાનુવેગ આવી પહોંચ્યો. તેણે કહ્યું ઉદ્યાનમાં જવા માટે કેમ મોડું કરે છે. એમ બોલતા જ આનંદ અને ઉર્મિના આવેશથી મુખ દિપી ઉઠયું.

ખરેખર આજે તો મારૂં સર્વસ્વ બધુંજ જાણે ઉદ્યાનમાં હતું.

હું ઉદ્યાને જવાની તૈયારી કરતો હતો ત્યાંજ વાજીંત્રની ગર્જના મારા કાને અથડાઈ મને થયું કે આ વાજીંત્ર અત્યારે કેમ સંભળાય છે ? ભાનુવેગને મે પૂછયું.

ઘણું કરીને અમિતગતિને ત્યાં ઉત્સવ હોય અને તેથી તેને ત્યાં માંગલિક વાજીંત્રો વાગતા હોય તેમ મને લાગે છે, ભાનુવેગે કહ્યું.

એટલામાં તો ડાબી આંખ મારી ફરકવા લાગી, હે ભાનુવેગ ? આજે મારી ડાબી આંખ કેમ ફરકે છે, તે મને સમજાતુ નથી. જ્યોતિષના અષ્ટાંગ નિમિત્તમાં અંગફરકના અધિકારમાં જણાવે છે કે સ્ત્રીની ડાબી આંખ ફરકે તો લાભ કર્તા હોય છે, અને તેની જમણી આંખ ફરકે તો નુંકશાન થાય છે. તેમ પુરૂષો માટે ડાબી આંખ ફરકે તો નુકશાન થાય અને જમણી આંખ ફરકે તો લાભ થાય. માટે હે ભાનુવેગ મને ચિંતા થાય છે કે ડાબુ નેત્ર ફરકવાથી કાંઈક અહિત સમાચાર આવશે ?

હે ભાનુવેગ ! ડાબુનેત્ર ફરકતાં મારા હૈયામાં આખી રાત સમુદ્રમાં તર્યો પછી પ્રભાત કાળે વહાણ કોઈ ખડક સાથે અથડાયુ હોય તેવો ભાસ થાય છે. આમ્રલતાને બોલાવીને અમિતગતિને ત્યાં કયાં કયાં પ્રકારનો મહોત્સવ ઉજવાઇ રહ્યો છે તેની બાતમી લેવા મોકલી, તે થોડી જ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વારમાં પાછી ફરી અને કહ્યું, **હે ચિ....ત્ર....વે....ગ !!!** આમ્રલતાના મુખ સામે જોઈ ચિત્રવેગ વધુ ભયાન્વિત બન્યો....આમ્રલતાનું શ્યામ મુખ વાળી જોઈ તે બોલ્યો....કેમ આમ્રલતા, જલ્દી કહે તું શું સમાચાર લાવી છે, બોલ તું મૌન કેમ થઈ ગઈ. **ચિ...ત્ર....વે....ગ !** ગંધવાહન નામના પ્રસિદ્ધ રાજાના પુત્ર નભોવાહન સાથે કનકમાલાના લગ્ન આજ કાલમાં થવાના છે, તે કારણે અમિતગતિને ત્યાં વાજીંત્રો વાગી રહ્યાં છે

આમ સાંભળતાંજ ચિત્રવેગના પગ નીચેથી જમીન ખસતી જણાઇ, આંખે અંધારા આવવા લાગ્યાં. જે મારા વિરહથી ઝુરતી હતી એજ આજે બીજાની સાથે લગ્ન ગ્રન્થીથી જોડાશે ધિકાર છે, આ સંસાર ચક્રને ઘડીકમા આનંદ આપે છે, અને ક્ષણમાં દુઃખના દરિયામાં ધકેલી દે છે. હજુ કાંઇ પણ વિચાર કરે ના કરે ત્યાં તો બેભાન થઇને જમીન ઉપર ઢળી પડયો, થોડા સમયમાં ભાનમાં આવતા જ સોમલતાને મે મારી પાસે બેઠેલી જોઇ. સોમલતાએ ચિત્રવેગને પાણી આપ્યું તેણે પાણી પીઇને સ્વસ્થતા મેળવી પણ મનનું દર્દ ઘટયું ન હતું. સોમલતાએ કહ્યું હે ચિત્રવેગ ! એક ખાસ વાત કરવાજ હું આવી છું, કે કનકમાળા પોતાના અંતઃકરણથી આપનેજ વરી ચૂકી છે, તેના મનમાં કે મુખમાં આપના સિવાય બીજા કોઈનું નામજ નથી, તેથી દરેક પ્રવૃત્તિમાં તે આપનેજ યાદ કરે છે, અને તેની માતા ચિત્રમાલા પણ માને છે કે કનકમાલા ચિત્રવેગનેજ ઇચ્છે છે, પણ પિતા અમિતગતિ એક ધર્મ સંકટમાં આવી પડયા છે, તેને લીધેજ આ બધુ સંકટ ઉભુ થયું છે ?

શાનુ ધર્મ સંકટ....!!! સોમલતા મને તું જણાવ....ચિત્રવેગના અંતરનો આવેગ વધ્યો ! સોમલતાએ કહ્યું, એ વાત એવી બની છે કે અમિતગતિ એકવાર ગંગાવર્તનગરમાં ગંધવાહન રાજા પાસે ગયાં, તે વખતે ગંધવાહનનો પુત્ર નભોવાહન મોડા વહેલા પણ વિદ્યાધરોનો ચક્રવર્તિ થશે એમ તેણે માની લીધું અને પોતાની કન્યા આ નભોવાહનને વરે તોજ સુખી થાય તેમ ગંધવાહનના વચનોથી બંધાઇ ગયેલા અમિતગતિએ પોતાની કન્યા નભોવાહનને ન આપે તો ભયંકર ખુવારી થાય તેમ હતું તેથી જ તો અમિતગતિએ કનકમાલાના લગ્ન નભોવાહન સાથે કરવાની તૈયારી આરંભી છે, સોમલતાએ સંકટનું સ્વરૂપ ચિત્રવેગને જણાવ્યું.

ચિત્રવેગ મનમાં વિચારવા લાગ્યો કે **ધિક્કાર છે, અમિતગતિ જેવા પિતાઓને કે જે પદ અને પૈસાને પ્રાધાન્ય આપી પોતાની પ્રતિષ્ઠાને નીચે ઉતારે છે, અને પોતાની કન્યાની જીંદગીને બરબાદ કરે છે. લગ્ન જીવનમાં અંતરના સાચા પ્રેમને બદલે પૈસા અને પદથી જગતમાં અનેકના ગૃહ–જીવનો છિન્નભિન્ન થતા દેખાય છે, જ્યાં સાચી પ્રિત અને અંતરની લાગણી છે, ત્યાંજ બધુ સર્વસ્વ સમાયેલું છે.**

નભોવાહન એકજ ચક્રવર્તિ થશે બીજા નહિ થાય શું ? ચિત્રવેગે પોતાની હૈયાવરાળ બહાર કાઢી.

પણ હવે તો બીજો કોઈ ઉપાય ન હતો, કારણ કે અમિતગતિના ગૃહાંગણે લગ્નની બધીજ તૈયારીઓ થઈ ચુકી હતી, થોડો વધુ સમય હોત તો આ સંકટને દૂર કરવા પ્રયત્ન કરત. પણ હવે તો બધુ શૂન્યાકાર જેવું લાગે છે;

ભાગ્યના દ્વાર બંધ થયા હોય અને અંધકારના ઓળા વચ્ચે અટવાઈ ગયો હોય મારૂં જીવન જાણે અંધકારમાં ધકેલાઇ જતું હોય તેવું મને લાગ્યુ !

આ સમયે કનકમાળા પોતે શું કરતી હશે તે જાણવાની ઇચ્છા થઇ પણ મારૂં મન જાણે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૌન થઈ ગયું, જીભ ઉપડતી ન હતી, સોમલતા થોડો સમય રોકાઈને ચાલી ગઈ.

ત્યાર પછી તો મને જે સમાચારો મળતાં રહ્યાં તેની ઉપરથી તો એમજ લાગ્યું કે કોઈપણ ભોગે કનકમાળા નભોવાહનને નહિજ પરણે તેની સાથે લગ્ન કરવા કરતાં આત્મઘાત કરવાનું શ્રેય માન્યું, લગ્નની આગલી રાત્રીએ આપઘાત કરવા એકાંતમાં ગઇ ઝાડ ઉપર વસ્ત્રનો છેડો બાંધી આપઘાત કરવાની તૈયારી કરી ત્યાં જ કોણ જાણે કેમ તેના હૈયામાં જુદો વિચાર જન્મ્યો અને આપઘાત કરવાનું માંડી વાળ્યું, પછી તો તેના જીવનમાં નવીજ ઘટના બની.

(ક્રમશઃ)


## પ્રગટ થઈ ચૂકેલ છે

**સુમતિનાથ ચરિત્ર ભાગ–૧ લો** તથા **શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ–૨ જો** જેની મર્યાદીત નકલો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી છે. અને તે બન્ને ભાગો મૂળ કીંમતે આપવાના છે.

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ–૧ લો** (પૃષ્ઠ સંખ્યા–૨૨૪) કીંમત રૂપિયા પંદર.

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ–૨ જો** (પૃષ્ઠ સંખ્યા–૪૪૦) કીંમત રૂપિયા પાંત્રીશ.

—: સ્થળ :—

**શ્રી જૈન આત્માનંદ સભા**

ઠે. ખારગેટ : **ભાવનગર** : (સૌરાષ્ટ્ર)

**તા. ક. :** બહારગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ અલગ આપવાનો રહેશે.



## શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન

શાશ્વતા તીર્થની ઉપાસના આવા પુનિત પુસ્તકના વાચન દ્વારા વિશેષ રીતે થઇ શકે છે. તેથી આ પુસ્તક દરેક ઘરે વસાવવા જેવું છે.

નવ્વાણુ યાત્રા કરનાર ભાગ્યવંતોને, વર્ષીતપ કરનાર તપસ્વીઓને, તેમજ શ્રી જૈન સંઘના શ્રાવકો અને શ્રાવિકાઓને પ્રભાવનામાં આપવા લાયક પુસ્તક છે. આ પુસ્તકમાં પુનિત તીર્થના પંદર ફોટાઓ છે કિંમત ફક્ત ૬–૦૦ રૂપિયા જે વ્યક્તિ સો કે સોથી વધારે પુસ્તક મંગાવશે તેમને દશ ટકા કમિશન આપવામા આવશે.

શ્રી જૈન આત્માનંદ સભા ખારગેઇટ
ભાવનગર (સૌરાષ્ટ્ર)




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તો પયગમ્બર કા કયા હોગા ?

લે. મુનિ શ્રી રૂપચંદ્રજી

આજ બહારોં ને ગુલિસ્તાં કો લૂંટને કી કોશિશ કી હૈ,
ઔર સિતારોંને આસમાં કો, લૂંટને કી કોશિશ કી હૈ.

સંપ્રદાયકી 'દિવારે' તોડ ધર્મ ઈન્કલાબ ચાહતા હૈ,
કયોં કી ઠેકેદારોંને ભગવાન કો, લૂંટને કી કોશિશ કી હૈ.

દેશ કો દુશ્મનોંસે નહિ, આજ ગદ્દારોંસે ખતરા હૈ,
ધર્મકી સુરક્ષા કે લિય સાવધાની કી જરૂરત હૈ.

ઉસે નાસ્તિકોં સે નહિ. કિન્તુ ઠેકેદારોસે ખતરા હૈ,
યદિ સિતારોંને બગાવત કી તો અંબરકા કયા હોગા ?

ધર્મ કે નામ સે ગરીબો કો રાત-દિન ઠગને વાલો !
ઈન્સાનને બગાવત કી તો પેગમ્બર કા કયા હોગા ?

# ક્ષમા કરી દે....

ક્ષમા કરી દે....

તોફાનને દઈને અણછાજતી મહત્તા,
તું વાતનું વતેસર ન કર, ક્ષમા કરી દે.

હોડીનું એક રમકડું તૂટયું તો થઈ ગયું શું ?
મોજાંની બાળહઠ છે, સાગર ! ક્ષમા કરી દે.

કાંટાઓનું બિછાવી બિસ્તર, કહે છે દુનિયા
પોઢી જા હસતાં હસતાં ફુલોની સજ માની.

અર્થાત્ જુલ્મીઓના જુલ્મોના ઘાવ સહેવા,
પહેરી ઉદારતાનું બખ્તર, ક્ષમા કરી દે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મુક્તિ પાય

લે. પ. પૂ. બુદ્ધિસાગર સૂરિજી

વિષ હલાહલ સારીખો, પુદ્‌ગલ સંગ કહાય;
તેથી ન્યારો જે રહે, તે જીવ મુક્તિ પાય.

ગુણવન દાવાનલ સમો, સ્રી ધનનો સમુદાય;
તેથી ન્યારો જે રહે, તે જીવ મુક્તિ પાય.

કાયા વિષ્ટા કોથળી, તેમાં નવી લપટાય;
મમતા તજી સમતા ભજે તે જીવ મુક્તિ પાય.

જિનવાણી અમૃત લહી મનમોહી હરખાય;
જિનાજ્ઞા મનમાં વસી, તે જીવ મુક્તિ પાય.

# તરછોડશો ન તેને

લે. કમળાબેન ઠક્કર

આશા ભરેલ ઉરનાં દુખિયા જે હોય તેને,
ખંજર ધરી જીગરમાં, તરછોડશો ન તેને.

આધાર એક માની આવે શરણ તમારે,
આશ્રિત હૃદય વિસારી, તરછોડશો ન તેને.

દુઃખો બધાં વિસારે દેખી નયન અમીનાં.
અમૃત વિહોણા થઈને, તરછોડશો ન તેને.

દર્દી બને બિચારા બસ આપને જ માટે,
તો દવા ન દઈને, તરછોડશો ન તેને.

સ્વાર્પણ કરે સદાયે સત્ય સ્નેહ સાટે,
સ્નેહી ન આપ થઈને, તરછોડશો ને તેને.

પ્રભુની પ્રતિમા પેખી પૂજે મૂરત તમારી,
પૂજક તે એ વખોડી, તરછોડશો ન તેને.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જન્મને જીતીએ

રતિલાલ માણેકચંદ શાહ (નડીઆદ)

જન્મતી વખતે આપણે તેમાં કાંઈ ફેરફાર કરી શકતા નથી, પરંતુ મરણ સુધારવાનો એટલેકે વારંવાર જન્મવું ન પડે એવો પુરૂષાર્થ આ મનુષ્ય જન્મમાં આપણે આચરી શકીએ. જો જન્મવાનું જ ન હોય તો પછી મૃત્યુ હોયજ શાનું? જન્મે તે જરૂર મરે આ એક નિયમ થયો, પરંતુ મરે તે જન્મે જ એવો નિયમ નહિ. ન પણ જન્મે, જે પરિણામે જીવ નિધન પામે, તેજ પરિણામમાં જીવે તેવો નિયમ નથી; મરણ સમયે જેવી બુદ્ધિ તેવી જીવની ગતિ થવાની તેમ સત્ પુરુષો કહી ગયા છે. 'યથામતિ સ્તથાગતિઃ' ભવિષ્યની ગતિનો આધાર મરણ સમયની પરિસ્થિતિ પર આધારીત છે. મરણ જો સુધરે તોજ જન્મ સુધરે, તે સંદર્ભમાં શાસ્ત્રોમાં તેના વિધાનો અંકિત કરવામાં આવ્યા છે; જેવાં કે બાળ મરણ, પંડિત મરણ વિગેરે. મરણ સુધર્યે જન્મનો સુધારો છે જ, જે નિઃશંક હકીકત છે, કારણ કે જન્મે તે મરે છે, જો મરે તે જન્મે એવો નિયમ જ હોય તો મોક્ષ કોનો થાય? બલકે નજ થાય; માટે મરણ સુધારવું તે અત્યંત આવશ્યક છે.

આવિચી નામનું મરણ–પ્રત્યેક સમયે આયુષ્ય ભોગવે છે, પ્રત્યેક સમયે આયુષ્ય ભોગવતો મરે છે. સંસારની અપેક્ષાનું મરણ ક્યારે? કે, ચારે ગતિમાં મર્યા કરે, પરંતુ જ્યાં સુધી સંસાર ઉભો હોય છે, ત્યાં સુધી તેનો સંસાર વિલીન થતો નથી. જ્યારે કેવળજ્ઞાન પામીને મરે, ત્યારે સંસારથી મર્યો ગણાય. કારણ કે કેવળજ્ઞાનનો આવિષ્કાર થયા બાદ સંસારરૂપી બીજ બળી જાય છે, બળી ગયા બાદ તેને વાવવામાં આવે, પાણી સિંચવામાં આવે, ખાતર નાખવામાં આવે છતાં અંકુરો ફુટતા નથી. તેમ આ આત્માના કર્મ રૂપી બીજ બળી ગયા બાદ, જન્મરૂપી અંકુરો ઉત્પન્ન થતા નથી. કેવળી મરણ સિવાય સંસારનું બીજ બળે નહિ. કેવળી મરણે ચારે કર્મો એકી સાથે વિલીન થાય છે. (વેદનીય, આયુ, નામ અને ગોત્ર), આઠ પ્રકારનાં કર્મોમાંથી આ ચાર અઘાતીયા કર્મો નડતાં નથી, ઘાતી કર્મો આત્માના ગુણોને આવરે છે (જ્યાં સુધી ઉભા હોય ત્યાં સુધી). અઘાતી કર્મોનું તે પ્રમાણે હોતું નથી. આવા અઘાતિ કર્મો છેલ્લે લુપ્ત થાય છે અને આત્મા પૂર્ણતાને પામે છે.

સંસાર રૂપી વૃક્ષનું બીજ (ઉપાદાનકારણ) અજ્ઞાનતાજ છે, સ્થૂળ શરીરમાં આત્માની બુદ્ધિ અંકુર છે, વિષયેચ્છા પાંદડા છે, પ્રાણો શાખાઓ છે, ઇંદ્રિયોના સમૂહ શાખાઓના અગ્રો છે, વિષયો ફુલો છે, અનેક કર્મોથી ઉત્પન્ન થયેલું અનેક પ્રકારનું દુઃખ ફળ છે અને આમાં, આ સંસાર રૂપીવૃક્ષમાં ફળને ભોગવનાર જીવ પક્ષી છે.

અજ્ઞાનરૂપ ઉપાદાન કારણવાળો, અન્ય કારણની અપેક્ષા વિનાનો, ઉચ્છેદરહિત પ્રવાહવાળો (અને આત્માનાજ્ઞાન સિવાય બીજો કોઇ ઉપાય નથી.) નાશ નહીં પામનારો આ શરીરાદિ જડમાં, આત્માની ભ્રાંતિરૂપ બંધ કહ્યો છે. તે બંધ આ જીવને જન્મ-મરણ, રોગને વૃદ્ધાવસ્થાદિ રૂપ દુઃખોના પ્રવાહમાં ડૂબકીઓ ખવડાવ્યા કરે છે.

મુમુક્ષુઓએ આ બંધથી છૂટવા માટે જડ–ચેતનનો વિવેક કરવો આવશ્યક છે. તે વિવેક વડેજ પોતાને સદ્રૂપ, ચિદ્રૂપને આનંદરૂપ આત્માને અનુભવિને આનંદી જીવન્મુક્તિના વિલક્ષણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુખને અનુભવનારો થાય છે.

અજ્ઞાની મનુષ્ય જડ એવા પોતાના શરીરને હું માનીને પંચેન્દ્રિયના વિષયો, રૂપ, રસ, ગંધ સ્પર્શ અને શબ્દમાં એકાકાર થતો અનેક કર્મો ઉપાર્જન કરે છે. મેદ, માંસ, ચામડી, હાડકાને વિષ્ઠાના સમૂહમાં હું એવી બુદ્ધિ કરી વિષય-કષાયો પાછળ પાગલ બની ઘૂમે છે જેથી તેને અનંતા સંસાર ચક્રમાં ઘૂમવું પડે છે. જ્યારે જ્ઞાની મનુષ્ય પરમાંર્થરૂપ પોતાના સ્વરુપને જુદું જાણે છે.

હે મૂઢ! આ ચામડી, માંસ, મેદ, હાડકાંને વિષ્ઠાના સમૂહરૂપ શરીરમાં, આત્માની બુદ્ધિનો ત્યાગ કર. અને વિકલ્પથી રહિત બની આત્મામાં સ્થિરથા અને તે વડે ઉત્કૃષ્ટ શાંતિનો અનુભવ કર. દેહાદિમાં હું પણાની બુદ્ધિને વિલીન કર્યા સિવાય આધ્યાત્મિક રાહ પર આગળ વધી શકાતું નથી.

રાગ-દ્વેષની ઊર્મિઓ માત્ર અજ્ઞાનતાને કારણે જ ઉદભવે છે, પણ જ્યાં સદસતના વિવેકનો સત્-ચિત્ત-આનંદનો, નિત્યાનિત્યનો (આત્માનો) વિચાર છે; ત્યાં રાગ-દ્વેષને સ્થાન નથી. જે જ્ઞાની છે, તે જાણે છે કે, જન્મનો પર્યાય વાચક શબ્દ મૃત્યુ છે, તે જાણે છે કે ક્ષણ ભંગુર સંસારમાં પ્રત્યેક પદાર્થો નાશવંત, ચલાયમાન, અસ્થિર અને પરિવર્તનશીલ છે, આત્મા એકલોજ અજર છે, અમર છે, અભેદ છે, અચ્છેદ છે, જે કદી મરણ પામવાનો નથી, એ જાણે છે કે, આ દેહ નાશને માટેજ સર્જાયેલો છે, એવો વિચારશીલ ધીરાત્મા એ તુચ્છ દેહ સામે દષ્ટિ પણ કરતો નથી. તે રાગ-દ્વેષને લુપ્ત કરી સંસાર સાગરને તરી જાય છે.

જન્મેલાને મૃત્યુ અવશ્ય આવવાનુંજ છે એવી કર્મની ગતિ છે, તો પછી તેની મમતા શા માટે? સર્વદા દેહાતિત રહેવાળા આત્માને તો મુક્ત આત્મા જ કહ્યા છે. "દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત, તે તે જ્ઞાનીના ચરણમાં વંદન હો અગણિત. જેઓની દેહ પર દષ્ટિ નથી. તેઓને પ્રિય-અપ્રિય, સુખ-દુઃખ, શોક-મોહાદિ હોતાં નથી, (પાતળા પડી ગયેલા હોય છે), આ વિશ્વમાં જોયું તેતો જાવાનુંજ, ખીલ્યું તે કરમાવાનું, ઊગ્યું તે આથમવા માટે, તો જન્મે તે તેમાં આશ્ચર્ય જેવું છે શું? 'જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુઃ ॥" મૃત્યુ એકર્માધીન છે. માટેજ રાજા ગોપીચંદને તેની માતાએ કહ્યું હતું કે, હે ગોપીચંદ! તારા પિતાની પણ તારા જેવી જ સુંદર કાયા હતી, છતાં તેને અગ્નિના હવાલે કરવામાં આવી, હવે તારી આવી સુંદર કાયા જોઇને મને વિચાર ઉદભવે છે કે, આ કાયા પણ એક દિવસ અગ્નિને હવાલે થશે. માટે તું એવું કર કે જેથી ફરીથી માના પેટમાં આળોટવું ન પડે, (બીજી મા ન કરવી પડે) અને કંચન જેવી કાયાને અગ્નિને હવાલે ન કરવી પડે. આથી ગોપીચંદ વૈરાગ્ય પામ્યો અને તે મૃત્યુને જીતવા ચાલી નીકળ્યો. જેથી ફરી જન્મવુંજ ન ન પડે. આપણે પણ વ્હેલા કે મોડા, આ ભવમાં કે બીજા ભવમાં જે કરવાનું છે તે આજ કરવાનું છે કે ફરીથી જન્મવું ન પડે, એટલે કે જન્મ પર જીત મેળવવાની છે, તેથી મૃત્યુ આવે જ જ નાહ. તેમ નહીં કરીએ, ત્યાં સુધી ચાર ગતિના ચક્રમાં પીસાવાનું જ છે તે ન ભૂલીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેનો ઉપયોગ શેમાં કરશો ?

સુદૃઢ અને નિરોગી શરીરનો ઉપયોગ વ્રત, તપ, નિયમ, અને ધ્યાનમાં કરવો.

કુશળ અને તીક્ષ્ણ બુદ્ધિનો ઉપયોગ નવ તત્ત્વની વિચારણામાં ષડ્દ્રવ્યની વિચારણામાં તેમજ શ્રી વીતરાગ વાણીને સમજવામાં કરવો.

સુમધુર કંઠનો ઉપયોગ શ્રી વીતરાગ ભગવંતના ગુણો ગાવામાં કરવો.

વાણીનો ઉપયોગ શ્રી વીતરાગ પરમાત્માએ કરેલા ધર્મના પ્રચારમાં કરવો.

લેખન કળાનો ઉપયોગ જ્ઞાની ભગવંતોના કથનોનો પ્રસાર કરવામાં કરવો.

સંપત્તિનો અને ધનનો ઉપયોગ જૈન સમાજના સર્વાંગી વિકાસમાં, જ્ઞાન વૃદ્ધિની પ્રવૃત્તિઓમાં, સાધર્મિક બંધુઓને મદદ કરવામાં, દિનદુઃખીઓના આંસુ લૂંછવામાં કરવો.

આમ પ્રબળ પુણ્યોદયે મળેલ તન, મન, ધન, બુદ્ધિ, વાણી વગેરેનો સદુપયોગ કરવાથી માનવ ભવ સાર્થક બને છે.

યુવાની જીવનમાં અગત્યથી અવસ્થા છે. આ સમય દરમિયાન ધર્મ અને વ્યવહારની કરેલી કમાણી વૃદ્ધાવસ્થામાં મદદરૂપ બને છે. યુવાન અવસ્થામાં જે ચેતના અને શક્તિ હોય છે તે વૃદ્ધ ઉંમરે નથી હોતી. વૃદ્ધાવસ્થામાં શારીરિક શક્તિઓ ક્ષીણ થઈ જાય છે. આ સૌને અનુભવ છે. છતાં પણ યુવાનીમાં લોકો મળેલો સુવર્ણ અવસર મઝા અને ભોગ વિલાસમાં તેમજ રંગ-રાગમાં વેડફી નાંખે છે.

ભવ્યો ભોગ-વિલાસ કાયમ રહેતાં નથી. તેનાથી પ્રાપ્ત થતો આનંદ ક્ષણિક હોય છે. સરવાળે તો તેનાથી આધિ, વ્યાધિ અને ઉપાધિ જ પેદા થાય છે. પરિણામે વૃદ્ધાવસ્થા ખૂબજ કષ્ટથી વીતાવવી પડે છે.

ધન કમાવા માટે જેમ યુવાવસ્થા ખરી ઉંમર છે, તેમ સમાજ સેવા, શાસન સેવા અને ધર્મ કરવા માટે ખરો સમય પણ યુવાનીનો છે.

મહા ભાગ્યોદયે યુવાની મળે છે અને એવું જ પ્રબળ પુણ્ય હોય ત્યારે સુદેવ, સુગુરૂ અને સુધર્મનો સંયોગ મળે છે.

હે ભવ્યો ? તમે ચેતો, જાગૃત બનો અને યુવાનીનો શાસન સેવામાં, સમાજ સેવામાં, અને ધર્મ સાધનનાં ઉપયોગ કરી લો.

---


श्री हेमचन्द्राचार्य कृतम् प्राकृत व्याकरणम ( अष्टमोऽध्यायः )

શ્રી જૈન આત્માનંદ સભાનું પ્રકાશન-૯૪મું રત્ન છે. સાચા અર્થમાં તે રત્ન જ છે કેમકે તેના વિવિધ કારણો પ્રાકૃત ભાષાના અભ્યાસીને પુનિત ભાષાથી પ્રકાશિત કરે છે. પ્રાચીન પ્રાકૃત ભાષાના વ્યાકરણોમાં આ પુસ્તકનું અદ્વિતીય સ્થાન છે. અર્વાચીન વિદ્વાનોએ આ પુસ્તકને બીરદાવ્યું છે. અભ્યાસીને સંપૂર્ણ જ્ઞાન મળે અને તુલનાત્મક અભ્યાસ થાય તે માટે આ પુસ્તકમાં નવ Appendices આવેલ છે. જર્મન જેવા દેશમાં તેમજ મહાન વિદ્યાપીઠોની માંગ સારી છે. તેજ તેનું મૂલ્યાંકન છે.

Price Rs. 25-00 Dolar 5-00 Pound 2-10

: પ્રાપ્તિસ્થાન :

શ્રી આત્માનંદ સભા ખારગેઈટ, ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## —: અમૂલ્ય પ્રકાશન :—

અનેક વરસોની મહેનત અને સંશોધનપૂર્વક પરમપૂજ્ય વિદ્વાન
મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજના
વરદહસ્તે સંપાદિત થયેલ અજોડ અને અમૂલ્ય ગ્રંથ

# દ્વાદસારં નયચક્રમ્ પ્રથમ અને દ્વિતીય ભાગ

આ અમૂલ્ય ગ્રંથ જેમાં નયોનું અદ્દભુત વર્ણન છે તે દરેક સાધુ મુનિરાજો તથા સાધ્વીજી મહારાજ માટે અતિ ઉપયોગી ગ્રંથ છે. દરેક ગૃહસ્થોએ અને સમાજની દરેક લાયબ્રેરી માટે વસાવવા જોઈએ.

આ ગ્રંથ માટે પરમપૂજ્ય આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ જણાવે છે કે—

ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભાએ આ પુસ્તકનું પ્રકાશન કર્યું તે એક મોટા ગૌરવની વાત છે. જે વિદ્વાન મુનિ મહારાજો, સાધ્વીજી મહારાજો, તથા શ્રાવકો તેમજ શ્રાવિકાઓને જૈન દર્શનના અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

ભારતભરમાં અનેક જૈન સંસ્થાઓ છે. તેઓએ પ્રગટ કરેલા પુસ્તકોમાં આ 'દ્વાદશારં નયચક્રમ્'ને શ્રેષ્ઠ સ્થાને મૂકી શકાય તેમ છે. માટે શ્રી જૈન આત્માનંદ સભાને ધન્યવાદ ઘટે છે. (કીંમત રૂા. ૪૦-૦૦ પોસ્ટ ખર્ચ અલગ)

---

## બહાર પડી ચુકેલ છે જિનદત્તકથાનકમ્ (અમારૂં નવું પ્રકાશન)

પ્રસ્તુત જિનદત્તકથાનક સંસ્કૃત ભાષાના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી એવો કથાગ્રંથ છે.

સ્વ. પૂજ્યપાદ આગમપ્રભાકર શ્રુત-શિલવારિધિ શ્રી પુણ્યવિજયજી મહારાજની ઇચ્છાનુસાર આ ગ્રંથ પ્રકાશન કરવામાં સફળ થતા ખુબ આનંદ અને સંતોષ અનુભવાય છે.

અમારી વિનંતિને ધ્યાનમાં લઇને પરમપૂજ્ય સાધ્વીજી મહારાજશ્રી ઓંકારશ્રીજી મહારાજે આ ગ્રંથનું સંપાદન-સંશોધનનું કાર્ય કરી આપવાની કૃપા કરી છે.

આ કથાનકનો ગુજરાતી ભાષામાં પણ સંક્ષિપ્ત સાર આપવામાં આવ્યો છે. આ ગ્રંથ દરેક લાયબ્રેરીમાં વસાવવા યોગ્ય છે. (કિંમત રૂા. ૮-૦૦)

લખો— **શ્રી જૈન આત્માનંદ સભા** : ખારગેટ, ભાવનગર.



તંત્રી : શ્રી પોપટભાઇ રવજીભાઇ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only